જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૮/૦૯/૨૦૨૩ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૬૦૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૧૪ લીટર દેશી દારૂ, ૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૮ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૯,૩૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયા:- સમાચાર યાદી નં.૧૬૦૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડ:- સમાચાર યાદી નં.૧૬૦૪/૨૦૨૩

**કાલુપુરઃ** રમીઝખાન તવાબખાન પઠાણ (ઉ.વ.૩૩)(રહે.ભદ્દાભાઇની ગલી, ચપ્પલ બજાર કેપીટલ ફુટવેર સામે, કડીયાકુઈના નાકે, કાલુપુર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૯/૨૦૨૩ ના કલાક ૦૦/૦૦ થી સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીના ડ્રોવરમાંથી સોનાની બંગડી નંગ-૨ કિંમત રૂપિયા ૭૦,૦૦૦/-, રાડો કંપનીની ઘડીયાળ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.વી.પટેલ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૬૦૫/૨૦૨૩**

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ-** મંજુલાબહેન વા/ઓ જગદીશભાઇ જાદવ (ઉ.વ.30)(રહે.ભવાની નગર, મુની આશ્રમ પાસે, સાણંદ જી.અમદાવાદ) તા.૨૬/૦૯/૨૦૨૩ બપોરના ૪/30 વાગ્યાના સુમારે જુહાપુરા ચાર રસ્તાથી સરખેજ તરફ જતા અંબર ટાવરા ત્રણ રસ્તા રોડ ઉપર પતિ સાથે મોટર સાયકલ પાછળ બેસી પસાર થઇ રહ્યા હતા ત્યારે એ.એમ.ટી.એસ. બસ નંબર જીજે.૦૧.જેટી.૯૪૮૫ ના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા, મંજુલાબહેનને શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૯/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર મંજુલાબહેનના પતિ જગદીશભાઇ જાદવ એ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.જી.ક્ટારીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૦૬/૨૦૨૩**

**સાબરમતીઃ** રામસવારે પાટનભાઇ ચૌહાણ (ઉ.વ.૫૭)(રહે.ન્યુ રેલ્વે કોલોની સંતોષીમાતા મંદીર પાસે, સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૯/૨૦૨૩ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે લુંગી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિહ વિજયસિહ ચલાવે છે.

**રામોલઃ** વિક્રમકુમાર કલ્પીતસિંહ રાઠોડ (ઉ.વ.૨૪)(રહે.શેડ નંબર-૧૩૨, શંકર એસ્ટેટ સુરેલીયા રોડ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૯/૨૦૨૩ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા શકરીબા પાર્ટી પ્લોટ સામે બગીચા પાસે પોતાની જાતે જલદ પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૦૯/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદેવ લાભુભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી